# ગાંધીનગરમાં જી.પી.એસ.સી. ભવન બનશે

## પ્રદુષણ નિયંત્રણ બોર્ડની કચેરી પાછળ ૩૭ કરોડના ખર્ચે ૬ મજલાનું અદ્યતન બિલ્ડીંગ બનશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં જી.પી.એસ.સી. ભવનનું નવું બિલ્ડીંગ બનશે. પ્રદુષણ નિયંત્રણ બોર્ડની કચેરી પાછળની જગ્યામાં આ ૬ મજલાના બિલ્ડીંગનું આગામી દિવસોમાં બાંધકામ હાથ ધરાશે. જી.પી.એસ.સી. ભવનના નિર્માણ પાછળ અંદાજિત રૂ. ૩૭ કરોડનો ખર્ચ થશે. હાલ આ ભવનના નિર્માણને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

શહેરમાં છેલ્લા એક દાયકામાં અનેકવિધ નવા સરકારી બિલ્ડીંગો અસ્તિત્વમાં આવ્યા છે. બીજી તરફ આધુનિક અને સુવિધાસભર બિલ્ડીંગો ઉપરાંત મોટા ભાગની સરકારી કચેરીઓને કોર્પોરેટ લુક આપવામાં આવ્યો છે. જેના પરિણામે સરકારી કચેરીઓની ઓળખ પણ અટવાઈ છે. આગામી દિવસોમાં શહેરમાં નવું એક અદ્યતન બિલ્ડીંગ બનશે. પાટનગર યોજના વિભાગ દ્વારા પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પાછળની જગ્યામાં જી.પી.એસ.સી. ભવન બાંધવામાં આવશે. આ ભવનમાં તમામ સુવિધાઓ ઉભી કરાશે જયારે સ્પર્ધાત્મક પરીક્ષાઓને અનુલક્ષી વિશાળ હોલ પણ બનાવાશે. જેથી આગામી દિવસોમાં ઈન્ટરવ્યુ સહીતની પ્રક્રીયા પણ આ ભવનમાં જ હાથ ધરાય તેવી સંભાવના છે. ૬ મજલાના આ ભવનના નિર્માણ પાછળ રૂ. ૩૭ કરોડનો ખર્ચ થશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ સંદર્ભે ઉમેદવારોને મળતી સુવિધાઓ પણ અપગ્રેડ થશે. જીપીએસસી ભવનના નિર્માણને અનુલક્ષી તંત્ર દ્વારા હાલ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે ટૂંકમાં ભવન નિર્માણનું કામ પણ શરુ કરી દેવાશે.

# નિલોફર વાવાઝોડાનો ખતરો ટળતા વહીવટી તંત્રમાં હાશકારો

ગાંધીનગર, તા. ૩૧

નિલોફર વાવાઝોડાનો ખતરો ટળતા તંત્રએ રાહતનો દમ લીધો છે અને સ્થળાંતર કરાયેલ લોકોને પોતાના ઘરે પરત મોકલવાના આદેશો આપવામાં આવ્યા છે.

અરબી સમુદ્રમાં ઉદ્‌ભવેલ અને કચ્છના નલીયા નજીકના દરિયાકાંઠે પહોંચેલ નિલોફર વાવાઝોડાનું જોર ઘટતા તંત્રએ રાહતનો દમ લીધો છે. નિલોફર વાવાઝોડુ નબળુ પડતા હવે લોપ્રેશર ડિપ્રેશનમાં ફેરવાતા હવે દરિયાકાંઠા વાવાઝોડાનો કોઈ જ ખતરો રહેવા પામ્યો નથી પવન પણ માત્ર ૪૦ થી ૫૦ કિ.મી.ની ઝડપે જ ફુંકાશે.

વાવાઝોડાનું જોર ઘટતા અને નબળુ પડતા હવે કોઈ ખતરો ન રહેતા દરિયાકાંઠેથી સ્થળાંતર કરાયેલ લોકોને હવે તેમના ઘરે પાછા મોકલવા માટે જિલ્લાતંત્રને આદેશ આપવામાં આવ્યા છે.




રન ફોર યુનિટી - સરદાર પટેલ જન્મજયંતિ નિમિત્તે દેશભરમાં યોજાયેલ રન ફોર યુનિટીના ભાગરૂપે અમદાવાદ ખાતે પણ વહેલી સવારે એકતા દોડ યોજાઈ હતી. જેમાં સેંકડો યુવાનો અને નાગરિકો જોડાયા હતા.

# રાજ્યમાં મધ્યાહન ભોજન અનાજના સંગ્રહ માટે કન્ટેનર આપવા નિર્ણય

## શાળામાં અનાજનો થતો બગાડ અટકાવવા નિર્ણય : રાજ્ય સરકાર દ્વારા ૭.૬૫ કરોડના ખર્ચે કન્ટેનરો અપાશે

ગાંધીનગર, તા.૩૧

રાજ્યની પ્રાથમિક શાખાઓમાં પિરસાતા મધ્યાહન ભોજનના સંગ્રહ માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરની પ્રાથમિક શાળાઓમાં ગેલ્વેનાઈઝના કન્ટેનરો આપવાનો નિર્ણય કરાયો છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા ૭.૬૫ કરોડના ખર્ચે આ કન્ટેનરો આપવામાં આવશે. આ યોજના ટૂંક સમયમાં ગ્રાન્ટનું વિતરણ કરી કન્ટેનરો અપાશે.

ગામડાની શાખાઓમાં મધ્યાહન ભોજન માટે અનાજ અને અન્ય વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવે છે. આ અનાજ કે વસ્તુઓ યોગ્ય વ્યવસ્થા ના હોવાના કારણે ક્યાં તો અમુક વાર સડી જાય છે અથવા તો ચોરી થવાનો પણ ભય રહે છે. ગામડાઓની શાળામાં ઘણી વાર ઉંદર અને અન્ય જીવજંતુઓ પણ મધ્યાહન ભોજન માટે અનાજ ખાઈ જતાં હોય છે. આમ ન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા આ પ્રકારની યોજના લોન્ચ કરવામાં આવી છે. હાલમાં જ રાજ્ય સરકાર દ્વારા એક કંપનીને આવા કન્ટેનર પુરા પાડવાનો કોન્ટ્રાક્ટ અપાયો છે. સરકાર દ્વારા ૫૦ કિલો, ૧૦૦ કિલો અને ૨૦૦ કિલોની સંગ્રહ શક્તિ ધરાવતા કન્ટેનરો આપવામાં આવશે. હાલમાં પુરવઠા વિભાગ અને મધ્યાહન બોર્ડ દ્વારા કઈ શાળામાં કેટલા વિદ્યાર્થીઓની સંખ્યા છે અને કેટલા કન્ટેરની જરૂરીયાત છે તે માટેની માહિતી ભેગી કરવામાં આવી રહી છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હેઠળની શાળાઓમાં એનજીઓ દ્વારા મધ્યાહન ભોજન તૈયાર કરી બાળકોને પીરસવામાં આવતું હોવાથી આ શાળાઓનો સમાવેશ કરવામાં આવશે નહીં.

આ કન્ટેનરની સાથે ઘણી શાળાઓમાં કિચન શેડની પણ વ્યવસ્થા ન હોવાથી કિચન શેડ પણ હવે બાંધી આપવામાં આવશે. આ ઉપરાંત શાળાઓએ પણ આ અંગે કાળજી લેવાની રહેશે. આ માટેની ગ્રાન્ટ શાળાઓને આપવામાં આવશે અને શાળાઓએ યોગ્ય સમયની અંદર નક્કી કરેલા ઈજારદાર પાસેથી આ કન્ટેનરો પોતાની શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ ખરીદી કરવાના રહેશે. જો કોઈ શાળા દ્વારા વર્ષની અંદર કન્ટેનરની ખરીદી કરવામાં નહીં આવે તો તેમણે રાજ્ય સરકારમાં આ ગ્રાન્ટ ફરી સરેન્ડર કરાવવી પડશે.

સ્થાનિક સમાચારો
પાન નં. ૬ પર

# સોના-ચાંદીના ભાવમાં વિક્રમ ઘટાડો

## સોનાની કિંમતમાં ૬૫૦ સુધીનો ઘટાડો : ચાંદીની કિંમતમાં ૧૮૦૦ સુધીનો મોટો ઘટાડો થતાં લગ્નની સિઝન પહેલા સોનાની કિંમત ઘટતા રાહત થઈ

અમદાવાદ, મુંબઈ, તા. ૩૧

શેરબજારમાં આજે ૫૨૦ પોઈન્ટનો રેકોર્ડ ઉછાળો રહ્યો હતો પરંતુ સાથે સાથે બુલિયન બજારમાં કડાકો બોલાઈ ગયો હતો. સોના ચાંદી બજારમાં કારોબારીઓ નિરાશ થયા હતા. કારણ કે, સોના અને ચાંદી બંનેની કિંમતમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. સોના અને ચાંદીના ભાવમાં છેલ્લા બે દિવસમાં તીવ્ર ઘટાડો રહ્યો છે. આના માટે શેરબજારમાં તેજીને મુખ્યરીતે જવાબદાર ગણવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં પણ સોના ચાંદી બજારમાં ઘટાડો જોવા મળી રહ્યો હતો. આજે અમદાવાદ બુલિયન બજારમાં સોનાની કિંમતમાં ૬૫૦ રૂપિયા સુધીનો ઘટાડો રહ્યો હતો. પ્રતિ ૧૦ ગ્રામ સોનાના ભાવમાં આ ઘટાડો થતાં ચિંતાનું મોજુ રહ્યું હતું. ગઈકાલે ૯૯.૯ સોનાનો ભાવ ૨૭૧૦૦ રહ્યો હતો જે આજે ઘટીને ૨૬૪૫૦ રહ્યો હતો. આનો મતલબ એ થયો કે, તેની કિંમતમાં આશરે ૬૫૦ રૂપિયાનો ઘટાડો રહ્યો હતો. આવી જ રીતે ચાંદીની કિંમતમાં પણ આશરે ૧૮૦૦ સુધીનો ઘટાડો થયો હતો. ચાંદીનો ભાવ ગઈકાલે પ્રતિકિલો ૩૭૮૦૦ હતો જે આજે ઘટીને ૩૬૦૦૦ થઈ ગયો હતો. સોના ચાંદી બજારમાં છેલ્લા કેટલાક દિવસથી ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. સોના ચાંદીમાં ઘટાડાની સ્થિતિ માત્ર સ્થાનિક બજાર સુધી મર્યાદિત નથી. આંતરરાષ્ટ્રીય બજારમાં પણ હાલ ઉથલપાથલ જોવા મળી રહી છે. બજાર નિષ્ણાતોનું કહેવું છે કે, લગ્નની સિઝન હવે શરૂ થવા જઈ રહી છે ત્યારે બજારમાં ફરી તેજીના એંધાણ દેખાઈ રહ્યા છે. લગ્નની સિઝનમાં ખરીદીની માંગ રહે છે. આવી સ્થિતિમાં ખરીદદારોને રાહત થઈ છે.

# વિધવા અને બાળકો પાસેથી દારૂની હેરાફેરી કરાવાય છે


## ગરીબીનો લાભ ઉઠાવતાં બુટલેગરો : દેવામાં ડુબી ગયેલા ગરીબ લોકો દારૂના કેરિયરની ભૂમિકા ભજવે છે : દારૂની હેરાફેરીની નવી સ્ટાઈલ અપનાવાઈ

ઈડર, તા.૩૧

શહેરમાં દારૂના અડ્ડા ધમધમે છે ત્યારે પોલીસ આંખ આડા કાન કરી મુકપ્રેક્ષક બની તમાશો જોઈ રહી છે. સાંબરકાંઠામાં દારૂના અડ્ડા હવે નવી વાત રહી નથી લાખોના હપ્તા ચુકવી છાકટા બનેલા બુટલેગરોને ખાખી વર્દીનો ડર રહ્યો નથી. આજે દારૂનો એટલો ધંધો ધમધણી રહ્યો છે એક વખત તુટેલા ચપ્પલ પહેરનારા અને દારૂની ખેપ મારનાર દારૂડીયા આજે લાખો-કરોડોના આસામી બની બેઠા છે. અને આજે એ પરિસ્થિતિ કે આ બુટલેગરો પોલીસને પણ ગાઠતા નથી અને મોબાઈલમાં ઉચ્ચ અધિકારી અને વહીવટદારને સીધા સંપર્કમં રહી રોફ મારી રહ્યા છે એ નવી ટ્રીક અજમાવી છે. ગરીબ વિવધવાઓ અને ગામડાના બેરોજગારોને મસમોટુ કમિશન ચુકવી તેમને દારૂની હેરાફેરીમાં સક્રિય બનાવી દીધા છે. નાણાં ખાતર વિધવા, બેરોજગાર યુવાનો-બાળકો દારૂની કેરીયરની ભૂમિકા ભજવી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પૈસા માટે ટળવળતા આ ગરીબો આજે ગુનાહિત કામ કરવા મજબુર બન્યા છે મહિલાઓ શાકભાજીના ટોપલામં તો બેરોજગાર યુવાનો સ્કુટર કે મોટર સાઈકલ પર દારૂની બાટલીઓની હોમ ડીલીવરી પહોંચાડે છે.

ઈડર જેવા શહેરમાં ત્રણ રસ્તા પાસે છેડે ચોક દેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે. પોલીસ પાસે માહિતી હોવા છતાં આંખ આડા કાન કરી આ બુટલેગરોને જાણે છુટો દોર આવ્યો હોય તેમ લાગી રહ્યું છે. આવા તો ઘણા દારૂના અડ્ડા ધમધમે છે દારૂના દૂષણથી હજારો પરિવારો આર્થિક રીતે બેહાલ બન્યા છે દેવામાં ડુબ્યા છે. પોલીસ માત્ર રેડના તાયફા કરે છે પણ દારૂના દૂષણને દૂર કરવા કોઈ કાયમી નક્કર પગલાં લેતી નથી. પરિણામે આમ જનતામાં ખાખી વર્દીની છાપ વધુને વધુ ખરડાઈ રહી છે. તો આ અંગે જિલ્લા પોલીસ વડા આ દૂષણને નાથવા કડક પગલાં ભરે તેવી લોક માંગણી છે.

ટેકનોલોજીની સાથે હાથમાં હાથ
મેળવી બનાવીએ ભ્રષ્ટાચાર મુક્ત વિભાગ




સતર્કતા
જાગરુકતા સપ્તાહ
૨૭ ઓક્ટોબર, ૨૦૧૪ થી ૧ નવેમ્બર, ૨૦૧૪

ફરિયાદોને ઓછી કરવા માટે વિભાગો દ્વારા શરૂ કરવામાં આવેલ ટેકનીકલી અને અન્ય પહેલ
- રિફંડ બેંકર યોજના
- વિવરણીયોની ઈ-ફાઈલીંગ અને રાષ્ટ્રીકૃત પ્રોસેસીંગ
- ટી.ડી.એસ. વિવરણિયોની ઈ-ફાઈલીંગ
- કરો ઈ-ચૂકવણી
- સુદૃઢ, પરસ્પર સંવાદાત્મક અને સુચનાપ્રદ વેબસાઈટ (www.incometaxindia.gov.in)
- ફરિયાદોના નિવારણ માટે આયકર લોકપાલ
- આયકર સંપર્ક કેન્દ્ર (ટોલ ફ્રી નં. ૧૮૦૦-૧૮૦-૧૦૬૧)

davp15401/13/0051/1415

ફરિયાદકર્તાનું નામ ગુપ્ત રાખવામાં આવશે.
ભ્રષ્ટાચરાથી જોડાયેલા મામલાની ફરિયાદ માટે કૃપા કરીને નીચે દર્શાવેલનો સંપર્ક કરો.

કેન્દ્રીય સતર્કતા આયુક્ત
સતર્કતા ભવન, જી.પી.ઓ. કોમ્પ્લેક્સ, એ-બ્લોક,
આઈ.એન.એ., નવી દિલ્હી-૧૧૦૦૨૩
ફોન : ૦૧૧-૨૪૬૦૦૨૦૦, ફેક્સ : ૦૧૧-૨૪૬૫૧૦૧૦

આવકવેરા મહાનિદેશાલય (સતર્કતા) અને મુખ્ય સતર્કતા અધિકારી
પહેલો માળ, દયાલસિંહ પબ્લિક લાઈબ્રેરી બિલ્ડીંગ,
૧, દીન દયાલ ઉપાધ્યાય માર્ગ, નવી દિલ્હી-૧૧૦૦૦૨
ફોન : ૦૧૧-૨૩૨૩૫૪૬૭, ફેક્સ - ૦૧૧-૨૩૨૩૨૮૯૭

આવકવેરા નિદેશક (સતર્કતા), ઉત્તર
૧૮૩, પહેલો માળ, સી.આર. બિલ્ડીંગ,
આઈ.પી. એસ્ટેટ, નવી દિલ્હી-૧૧૦૦૦૨,
ફોન : ૦૧૧-૨૩૩૭૦૫૫૮, ફેક્સ : ૦૧૧-૨૩૩૭૮૮૫૫
સામેલ સીસીઆઈટી : દિલ્હી, લખનઉ, કાનપુર, એનડબલ્યુઆર

આવકવેરા નિદેશક (સતર્કતા), પશ્ચિમ
ત્રીજો માળ, આયકર ભવન, એમ.કે. રોડ,
મુંબઈ-૪૦૦૨૨૦, ફોન : ૦૨૨-૨૨૦૧૫૮૩૯,
ફેક્સ : ૦૨૨-૨૨૦૭૭૮૮૩૧ સામેલ સીસીઆઈટી : મુંબઈ,
અમદાવાદ, પુણે, નાગપુર, જયપુર, ભોપાલ

આવકવેરા નિદેશક (સતર્કતા), દક્ષિણ
આયકર ભવન, આઠમો માળ, એનેક્સી બિલ્ડીંગ,
૧૨૧, એમ.જી. રોડ, નુંગમબક્કમ, ચેન્નાઈ-૬૦૦૦૩૪,
ફોન : ૦૪૪-૨૮૩૩૮૩૮૦, ફેક્સ : ૦૪૪-૨૮૩૩૮૩૭૯,
સામેલ સીસીઆઈટી : બેંગ્લોર, કોચીન, ચેન્નાઈ, હૈદ્રાબાદ

આવકવેરા નિદેશક (સતર્કતા), પૂર્વ
આયકર ભવન, પી-૭, ચૌરંગી સ્કવેર, કોલકાતા-૭૦૦૦૬૯,
ફોન : ૦૩૩-૨૨૧૩૬૬૭૨, ફેક્સ : ૦૩૩-૨૨૧૩૬૫૬૭
સામેલ સીસીઆઈટી : કોલકાતા, ભુવનેશ્વર, ગુવાહાટી, પટના

આવકવેરા વિભાગ
www.incometaxindia.gov.in